| | |
|---|---|
| રજુ તારીખ: | તા.૧૮/૦૩/૨૦૨૬ |
| દાખલ તારીખ: | તા.૨૩/૦૩/૨૦૨૬ |
| ફેંસલ તારીખ: | તા.૦૮/૦૭/૨૦૨૬ |
| અવધિ: વર્ષ: માસ: દિવસ<br>૦૦ : ૦૩ : ૨૧ | |

**શ્રી એચ.એ.ભુતવાલા ન્યાયાધીશશ્રી, કામદાર રાજય વિમા અદાલત અમદાવાદ. (કલોલ/મહેસાણા કોર્ટ સીટીંગ) સમક્ષ.**

**પરચુરણ ઈ.એસ.આઈ નં.૦૮/૨૦૨૬**

**ઇન**

**ઈ.એસ.આઈ.અરજી નં.૦૮/૨૦૧૫**

**આંક–૦૬**

**અરજદાર :-** **સાંઈનેસ્ટ ટયુબ પ્રા.લી.**
ઠે.૩૩૨૭ થી ૩૩૨૯ જી.આઈ.ડી.સી,
ફેઝ-૪, મુ.છત્રાલ, તા–કલોલ, જી.ગાંધીનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **ઈ.એસ.આઈ.કોર્પોરેશન,**
ઠે.પંચદીપ ભવન, આશ્રમ રોડ,
અમદાવાદ.

**વિષય:-** રૂલ-૨૬(૬) બોમ્બે એમ્પ્લોઈઝ ઈન્સોરન્સ રૂલ્સ ૧૯૫૫ તથા સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૯, રૂલ ૧૩, હેઠળની ફરી ફાઈલની અરજી.

**પ્રતિનીધીત્વ:-** **અરજદાર તરફે :-** વિ.વ.શ્રી પી.એફ.ઝવેરી.
**સામાવાળા તરફે :-** વિ.વ.શ્રી એસ.આર.ઠાકોર.

**-: હુ ક મ :-**

**(૧)** અરજદારે આ અરજી દાખલ કરી ઈ.એસ.આઈ અરજી નં.૦૮/૨૦૧૫ ના કામે તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ પસાર કરવામાં આવેલ એક તરફી હુકમ રદ કરી મુળ કામ પુન: બોર્ડ ઉપર લેવા અરજ કરેલ છે.

**(૨)** અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, સામાવાળાએ અરજદાર સામે ઈ.એસ.આઈ ફાળાની રકમ રૂા.૨૧,૦૦,૪૦૭/– ભરવાનો હુકમ કરેલ તે હુકમ સામે સામાવાળાએ રીવ્યુ દાખલ કર્યા બાદ સુનાવણીના અંતે રૂા.૧૩,૯૪,૦૬૭/– દિન-૧૫ માં ભરવાનો સામાવાળાના અધિકારીએ હુકમ કરેલ તે રકમમાંથી સંસ્થા દ્વારા અપીલ સમયે ૨૫% રકમ જમા કરાવેલ, તે રકમ બાદ કરી બાકીની રકમ રૂા.૮,૬૯,૦૬૭/– તા.૧૯/૦૫/૨૦૨૪ ના રોજ ચલણથી જમા કરાવેલ. ત્યારબાદ સામાવાળાએ તા.૧૫/૦૯/૨૦૨૪ ની નોટીસથી સંસ્થાને ડેમેઝીસ તથા વ્યાજની રકમ મળી કુલ-રૂા.૮૮,૫૧૪/–ની માંગણી કરેલ જે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય તેથી તે હુકમ રદ કરાવવા ઈ.એસ.આઈ અરજી નં.૦૮/૨૦૧૫ દાખલ કરેલ હતી. ઈ.એસ.આઈ કોર્ટ સમક્ષની કાર્યવાહીમાં અરજદારના વિ.વ.શ્રીના કલાર્કની ભુલના કારણે તારીખો લેવામાં ચુક થતા કેસના વિ.વ.શ્રી અદાલત સમક્ષ હાજર રહી કાર્યવાહી કરી શકેલા નહી. અરજદાર સંસ્થાની ગેરહાજરીના કારણે અરજી રદ કરવાનો હુકમ તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ. સદર એક તરફી હુકમ રદ કરવામાં ન આવે તો સંસ્થાને નાણાંથી ન ભરપાઈ થઈ શકે તેવું ગંભીર નુકશાન થાય તેમ છે અને કેસ ફરીફાઈલે લીધા બાદ અરજદાર નિયમીત હાજર રહી કેસ કાર્યવાહી આગળ ચલાવવાની બાંહેધરી આપેલ છે. અરજી મંજુર કરવાથી સામાવાળા કોર્પોરેશનને કોઈ પ્રેજયુડાઈસ થાય તેમ નથી, તે તમામ હકીકત ધ્યાને લેતા આ અરજી મંજુર કરી ઈ.એસ.આઈ અરજી નં.૦૮/૨૦૧૫ ના કામે તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ એકતરફી હુકમ રદ કરવા અને મુળ કામ ફરી ફાઈલે લઈ ગુણદોષ ઉપર ચલાવવા અરજ કરેલ છે.

**(૩)** આ કામે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા વકીલશ્રી મારફત હાજર થયેલ છે. સામાવાળા આ કામે કોઈ જવાબ રજુ કરવા માંગતા ન હોવાનું જણાવી સુનાવણી કરવા અરજ કરેલ છે.

**(૪)** અરજદાર તરફે વિ.વ.શ્રીએ તેમની આંક-૦૧ ની અરજીમાં જણાવેલ હકીકત મુજબની દલીલ હોવાનું જણાવેલ છે. સામાવાળા તરફે વિ.વ.શ્રી અરજદારની અરજીનો સખત વિરોધ કરી અરજદારની બેદરકારીના કારણે અને ગેરહાજરીના કારણે ઈ.એસ.આઈ અરજી નં.૦૮/૨૦૧૫ ના કામે તેમના પુરાવાનો હકક બંધ કરી કેસ કાર્યવાહી ઉત્તરોતર આગળ ચલાવેલ અને અરજદારના પુરાવાના અભાવે અરજી નામંજુર કરેલાનું જણાવેલ છે. અરજદાર પોતાની બેદરકારીનો ગેરલાભ લઈ શકે નહી. તે હકીકતો ધ્યાને રાખી આ અરજી રદ કરવા અને સામાવાળાને કોસ્ટ પેટે ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

**(૫)** ઉભય પક્ષકારોની રજુઆતો તથા અરજી સાથે રજુ હુકમો વંચાણે લીધા, અરજદારને પુરતી અને વ્યાજબી તક આપવા છતા પુરાવો રજુ ન કરતા તેમના પુરાવાનો હકક બંધ કરી અરજદારના પુરાવાના અભાવે અરજી રદ કરેલ છે. મુળ અરજીનો નિર્ણય ગુણદોષ ઉપર કરવામાં આવેલ નથી. અરજદારની આ અરજી મંજુર કરી અરજદારને મુળ અરજીના કામે પુરાવો રજુ કરવાની તક આપવામાં આવે તો કેસનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરી શકાય તેમ છે. વધુમાં મુંબઈ એમ્પ્લોઈઝ ઈન્સયુરન્સ કોર્ટ રૂલ્સ, ૧૯૫૯ ના નિયમ–૨૬ મુજબ એકતરફી ચુકાદો રદબાતલ કરવા માટે પક્ષકાર અરજી કરી શકે છે અને આવી અરજી કાયદા મુજબ ચાલવાપાત્ર છે. આ તમામ હકીકતો ધ્યાને લેતા અને અરજદારની ગેરહાજરીમાં કરવામાં આવેલ એકતરફી હુકમ રદ કરી મુળ અરજીનું કામ ગુણદોષ ઉપર ચલાવવામાં આવે તો સામાવાળાને કોઈ પ્રેજયુડાઈસ થાય તેમ નથી અને બન્ને પક્ષકારને સમાન તકો મળી શકે તેમ છે.

**(૬)** ઉપરોકત સંજોગોમાં ઈ.એસ.આઈ અરજી નં.૦૮/૨૦૧૫ ના કામે કરવામાં આવેલ એકતરફી હુકમ રદ કરી મુળ અરજીનું કામ ફરી ફાઈલે લેવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. તે સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

**૧.** અરજદારની પરચુરણ (ઈ.એસ.આઈ) અરજી નં.૦૮/૨૦૨૬ **"મંજુર"** કરવામાં આવે છે.

**૨.** મુળ ઈ.એસ.આઈ અરજી નં.૦૮/૨૦૧૫ ના કામે તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ આંક-૧૪ થી કરવામાં આવેલ એકતરફી હુકમ રદ કરી મુળ **ઈ.એસ.આઈ અરજી નં.૦૮/૨૦૧૫** નું કામ ફરીફાઈલે લેવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** મુળ ઈ.એસ.આઈ અરજી નં.૦૮/૨૦૧૫ ની હવે પછીની **મુદત તારીખ-: ૧૧/૦૭/૨૦૨૬** નિયત કરવામાં આવે છે.

**૪.** આ અરજીના ખર્ચ સબંધે કોઈ હુકમ નથી.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
HEMANSU AMRUTLAL BHUTWALA
Reason: Judgment
at Kalol
on 08/07/2026 17:15:31 IST.

તા. ૦૮/૦૭/૨૦૨૬
સ્થળ:- કલોલ.

**(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)**
**કોડ નંબર જીજે-૦૦૮૮૩**
ન્યાયધીશશ્રી,
કામદાર રાજય વિમા અદાલત,
(કલોલ/મહેસાણા કોર્ટ સિટીંગ)